Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૨/૯૪૬૭

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
**Web : suratdeo.org**
**Email : suratdeo@gmail.com**
તા. ૨૪/૦૬/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ

સામેલ તા.૨૪/૦૬/૨૦૨૨નાં પત્ર અન્વયે અમલ થવા સારું

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

નિયામક
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી
ગાંધીનગર

બ્લોક નં:- ૧૪/૬ઠ્ઠો માળ,
સરદારભવન, નવા સચિવાલય,
ગાંધીનગર
૦૭૯૨૩૨-૫૪૮૦૭

નં.વહટ/વંદેગુજરાત/માહિતી/૩૮/૨૦૨૨ — તા.૨૪/૦૬/૨૦૨૨

વંચાણે લીધુ:-

(૧) કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ બ્લોક નંબર:- ૫/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- CoH/વંદેગુજરાત/વિકાસયાત્રા/03, તા.૨૧/૦૬/૨૦૨૨

(૨) અત્રેની કચેરીનો તા.૧૮/૦૬/૨૦૨૨ નો પત્ર ક્રમાંક:- વહટ/વંદેગુજરાત/માહિતી/૩૮/૨૦૨૨

પરિપત્ર:-

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આમુખ-(૧)ના કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણના પત્રની નકલ આ સાથે બિડાણમાં સામેલ રાખેલ છે.

ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં" આઝાદી કા અમૃત મહોત્સવ "ની ઉજવણી કરવામાં આવી રહી છે .જેનાં ભાગ સ્વરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાનાં પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં શહેર અને જીલ્લા કક્ષાએ "વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન હાથ ધરાયેલ છે.

આ યાત્રામાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોએ સંકલન કરીને વિવિધ યોજનાકીય કામગીરીને રાજ્યની જનતા સુધી પહોંચાડવા માટે સહાય વિતરણ, વિકાસ કાર્યોનું લોકાર્પણ, યોજનાઓનો પ્રચાર-પ્રસાર, ફિલ્મ નિદર્શન, સાફલ્ય ગાથા, શ્રેષ્ઠ કામગીરી કરનારનું સન્માન વગેરે કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન થયેલ છે. આ કાર્યક્રમનો સમયગાળો ૪ જુલાઈ ૨૦૨૨ થી ૧૮ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન નિયત થયેલ છે.

"વંદે ગુજરાત વિકાસ યાત્રા" ના સુચારૂ આયોજન માટે રાજ્ય સરકાર સ્તરેથી મળેલ સૂચનાઓ અન્વયે અન્ન અને નાગરિક પુરવઠા લગત બાબતો અંગે આમુખ-(૨)થી જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે .જે સૂચનાઓ ધ્યાને લઈ યોજનાના પ્રચાર-પ્રસાર અંગેના જરૂરી પેમ્ફલેટ્સ અને અન્ય પ્રચાર સાહિત્ય રથના રૂટ હેઠળના સમાવિષ્ટ તમામ ગામોમાં વિતરણ કરવાનું આયોજન કરવા વિનંતી છે. પ્રચાર-પ્રસાર કામગીરી અંતર્ગત જે પણ હોર્ડીંગ્સ/બેનર્સ/પોસ્ટર્સ લગાડવામાં આવે તેમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અને "વંદે ગુજરાત વિકાસ યાત્રા" ની થીમ/લોગો પ્રદર્શિત થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે. આ માટેની Standard Design અત્રેથી આપને Softcopyમાં મોકલવામાં આવશે અને આ માટે જીલ્લા દીઠ રૂ. ૫ (પાંચ) લાખની મર્યાદામાં નિયમોનુસાર પ્રક્રિયા કરી કામગીરી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, વિકાસયાત્રાના આયોજન કરેલા દરેક ગામે કાર્યક્રમ પૂર્વેના દિવસોમાં અને કાર્યક્રમના દિવસે કાર્યક્રમ પહેલા, મુખ્ય કાર્યક્રમ દરમ્યાન અને કાર્યક્રમ બાદ કરવાની થતી કામગીરીનું ઝીણવટપૂર્વક આયોજન હાથ ધરી "વંદે ગુજરાત વિકાસ યાત્રા" કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થાય તે મુજબનું અમલીકરણ કરાવવા વિનંતી છે.

નોંધ ઉપર નિયામકશ્રીની મંજુરી અનુસાર
બિડાણ:- ઉપર મુજબ

નાયબ નિયામક
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી
ગાંધીનગર

પ્રતિ,

(૧) જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, જિલ્લા સેવા સદન, કલેક્ટર કચેરી જિ.તમામ તરફ જાણ તેમજ જરૂરી કાર્યવાહી હાથ ધરવા સારૂં.
(૨) તમામ શાખા અધિકારીશ્રીઓ, નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.
(૩) સિસ્ટમ મેનેજરશ્રી (પી.એમ.યુ), અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.

<u>નકલ સવિનય રવાના-:</u>

(૧) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન.ના.પુ અને ગ્રા.બા વિભાગ તરફ જાણ સારૂં.
(૨) નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.
(૩) મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લી ગાંધીનગર તરફ જાણ તથા "વંદે ગુજરાત" યાત્રાના રૂટમાં આવેલ ના.પુ.નિગમના ગોડાઉનો અંગે સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ.
(૪) કલેક્ટરશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, જિલ્લા:- તમામ તરફ જાણ સારૂં.
(૫) કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ બ્લોક નંબર:- ૫/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- CoH/વંદેગુજરાત/વિકાસયાત્રા/03 તા.૨૧/૦૬/૨૦૨૨ તરફ જાણ સારૂં.
(૬) સંયુક્ત નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂં.

# Fw: Vande Gujarat Vikas Yatra

Tushar M Dholakia-IAS (GoG - FCS Dept.)

Tue 6/21/2022 7:18 PM

Sent Items

To: Manishkumar C Loliyaniya(GoG-FCS Dept.) <adadm-dfcs-gnr@gujarat.gov.in>;

1 attachments (83 KB)

Vande Gujarat Vikas Yatra.pdf;

જાણ તથા જરૂરી કાર્યવાહી સારુ

**Best regards,**

**T har M Dholakia-IAS**
Director
Food & Civil Supplies
& Ex-Officio Additional Secretary
Food and Civil supplies & Consumer Affairs Department
Government of Gujarat -382010
Phone:079-23251170

Azadi Ka Amrit Mahotsav

Urgent
Important
22/06

---

**From:** Mohammad Shahid(GOG-FCS Dept.)
**Sent:** Tuesday, June 21, 2022 7:13 PM
**To:** Pankaj R Panchal(GoG-FCS Dept.); Tushar M Dholakia-IAS (GoG - FCS Dept.)
**Subject:** Fw: Vande Gujarat Vikas Yatra

For necessary action

1292
22/6/22

Mohammad Shahid, IAS
Secretary
Food,Civil Supplies & C A.Deptt.
Govt. of Gujarat.
Phone: 079232-51163/65, Fax: 079232-51199.

DD(વહીવટ) Urgent
22/06/2022

**From:** Smt. Shahmeena Husain, IAS (GOG-COH)
**Sent:** Tuesday, June 21, 2022 7:00 PM
**To:** Vipul Mittra (GoG-Panchayat Dept.); Raj Kumar IAS(GOG-IMD Dept.); Mukesh Puri, IAS; Sunaina Tomar (GOG-SJE Dept.); Kamal Dayani, IAS (GOG- Revenue Dept); Arunkumar Solanki; Manoj Aggarwal, IAS(GoG-Health Dept.); S J Haider (GoG-Education Dept.); Mukesh Kumar, IAS(GOG-UD Dept.); Mamta Verma (GoG-EPD Dept.); SONAL MISHRA IAS(Commissioner & Secretary); Dr. Vinod R. Rao, IAS(GoG-Education Dept.); Mohammad Shahid(GOG-FCS Dept.); Ashwini Kumar IAS; secibd@gujarat.gov.in; K K Nirala (GoG-WNCW Dept.); Rakesh Shankar, IAS; S.B.VASAVA(GOG-RNB Dept.)· K B Rabadia (GoG-NWRWS Dept.); Dr. S. Murali Krishna IAS (GOG-TDD-Dept.); Hareet Shukla, IAS; N.B Upadhyay IAS, Secretary
**Cc:** vandegujarathealth@gmail.com; Remya Mohan Muthadath
**Subject:** Vande Gujarat Vikas Yatra

Respected All,

Please find attached letter for your kind reference and necessary action if any.

Thank you
Regards

EA to

Shahmeena Husain ,IAS
Commissioner (H,MS,ME&R)
Govt of Gujarat
Block No-5/1
Dr Jivraj Mehta Bhavan,
Old Sachivalaya, Gandhinagar (Gujarat)

सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT


**શાહમીના હુસૈન,** આઈ.એ.એસ.
અગ્ર સચિવ અને કમિશ્નર

ક્રમાંક : COH/વંદેગુજરાત વિકાસયાત્રા/૭૩
કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવા ે અને તબીબી શિક્ષણ,
બ્લોક નં. ૫/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦
તારીખ :


પ્રતિ,

૧. અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૨. અ .ક મુખ્ય સચિવશ્રી(ઉધોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાં નગર.

૩. અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૪. અધિક મુખ્ય સચિવશ્રી પશુપાલન, ગૌસંવર્ધ, મત્સ્યોદ્યોગ અને સહકાર, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૭. અધિક મુખ્ય સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૮. અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર .

૯. અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૦. અગ્રસચિવશ્રી, શહેરી વિકાસ શહેરી ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

૧૧. અગ્રસચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૨. કમિશ્નરશ્રી-વ-અગ્રસચિવશ્રી, ગ્રામ વિકાસની કચેરી, જૂના સચિવાલય, ગાંધીનગર.

૧૩. અગ્ર સચિવશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૪. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૫. સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૬. સચિવશ્રી, હાઉસીંગ અને નિર્મળ ગુજરાત વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૭. સચિવશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૮. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૧૯. સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨૦. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૨૧. સચિવશ્રી(પ્રવાસન), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

**વિષય:: "વંદે ગુજરાત વિકાસયાત્રા" ના આયોજન બાબત.**

સવિનય જણાવવાનું કે, ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે, જેના ભાગ સ્વરૂપે ગુજરાતમાં છેલ્લા

બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ સ્વરૂપે રાજ્યસરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં શહેર અને જીલ્લા કક્ષાએ 'વંદે ગુજરાત વિકાસયાત્રા' નું આયોજન કરેલ છે. આ યાત્રામાં રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગોની વિવિધ યોજનાકીય કામગીરીને રાજ્યની જનતા સુધી પહોંચાડવા માટે સહાય વિતરણ, વિકાસ કાર્યોનું લોકાર્પણ, યોજનાઓની પ્રચાર-પ્રસાર, ફિલ્મ નિદર્શન, સાફલ્યગાથા વગેરે કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયેલ છે. આ કાર્યક્રમની સમયગાળો : ૪ જુલાઈ,૨૦૨૨ થી ૧૮ જુલાઈ,૨૦૨૨ દરમ્યાન નિયત થયેલ છે અને આ કાર્યક્રમનો નોડલ વિભાગ તરીકે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ જવાબદારી સંભાળી રહેલ છે.

ઉપરોકત બાબતે વંદે ગુજરાત વિકાસયાત્રા અનુસંધાને આપના વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ સહાય વિતરણ, વિકાસ કાર્યોનું લોકાર્પણ, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો પ્રચાર-પ્રસાર, ફિલ્મ નિદર્શન, સાફલ્યગાથાઓ સહિતની વિવિધ લોકોપયોગી પ્રવૃતિઓ હાથ ધરવા આયોજન કરેલ હશે. સદર વંદે ગુજરાત વિકાસયાત્રા અંતર્ગત જિલ્લા કક્ષાએથી રૂટનું આયોજન મળ્યેથી આપના વિભાગને મોકલવામાં આવશે, જેથી રથના રૂટ પર આવતા ગામોમાં વિવિધ યોજનાકીય કામોનો પ્રચાર-પ્રસાર તેમજ કામગીરી નું ઝીણવટપૂર્વક આયોજન કરવા માટે વિભાગ કક્ષાએથી જિલ્લા કક્ષાને સૂચના આપી શકાય. વધુમાં સદર કાર્યક્રમ અંતર્ગત આપના વિભાગ દ્વારા નીચે મુજબની કામગીરી જિલ્લા/શહેર કક્ષાએ હાથ ધરવા સ્પષ્ટ સૂચનાઓ થવા વિનંતી છે તેમજ આપના વિભાગે હાથ ધરેલ તમામ આયોજનની વિગતો vandegujarathealth@gmail.com ઉપર મોકલી આપવા વિનંતી છે.

1. આપના વિભાગની વિવિધ યોજનાના પ્રચાર-પ્રસાર અંગેના પેમ્ફલેટસ અને અન્ય પ્રચાર સાહિત્ય રથના રૂટ હેઠળના સમાવિષ્ટ તમામ ગામોમાં વિતરણ કરવાનું આયોજન કરવા વિનંતી છે. પ્રચાર-પ્રસાર કામગીરી અંતર્ગત જે પણ હોર્ડીંગ્સ/બેનર્સ/પોસ્ટર્સ લગાડવામાં આવે તેમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અને "વંદે ગુજરાત વિકાસ યાત્રા" ની થીમ/લોગો પ્રદર્શિત થાય તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.
2. વિકાસયાત્રાનું આયોજન કરેલા દરેક ગામે કાર્યક્રમ પૂર્વેના દિવસોમાં અને કાર્યક્રમના દિવસે કાર્યક્રમ પહેલા, મુખ્ય કાર્યક્રમ દરમ્યાન અને કાર્યક્રમ બાદ કરવાની થતી કામગીરીનું ઝીણવટપૂર્વક આયોજન હાથ ધરી અમલીકરણ કરાવવા વિનંતી છે.
3. વિકાસયાત્રાના રથની સાથે જે-તે ગામોમાં આપના વિભાગને લગતી તેમજ યોજનાકીય પ્રચાર-પ્રસારની લોકોપયોગી ક્વીકી/શોર્ટ ફિલ્મ દર્શાવવાની હોઇ આ ફિલ્મો અગોતરી અત્રેની કચેરીને સમયસર મળે તેની વિનંતી છે.
4. વિકાસયાત્રા સંદર્ભે આપના વિભાગ દ્વારા જિલ્લા કક્ષાએ આપવામાં આવેલ સૂચનાઓની નકલ અત્રેની કચેરીને પણ પાઠવી આપવા વિનંતી છે.

અગ્ર સચિવ (જા.આ./પ.ક.)
અને કમિશ્નરશ્રી (આરોગ્ય)
ગાંધીનગર

**નકલ સવિનય રવાના:-**

- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય વિભાગ),નવા સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના:-**

- મિશન ડિરેક્ટર, નેશનલ હેલ્થ મિશન, એન.એચ.એમ. ભવન, સીવિલ હોસ્પિટલ કેમ્પસ, ગાંધીનગર

નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
બ્લૉક નં:-૧૪/૬ઠ્ઠો માળ, સરદાર ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર
તા:- ૧૮/૦૬/૨૦૨૨

પ્રતિ,

(૧) નાયબ અન્ન નિયંત્રકશ્રી,
અન્ન નિયંત્રકશ્રીની કચેરી, બહુમાળી ભવન,
લાલ દરવાજા અમદાવાદ.

(૨) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,
કલેક્ટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન,
જિ. તમામ.

(૩) નાયબ નિયામકશ્રી (પી.ડી.એસ., ખાંડ-તેલ-મીઠું, એન.એફ.એસ.એ., પેટ્રોલીયમ પ્રોડક્ટ,નિયમન અને તપાસણી)
અન્ન અને નાગરિક પુરવઠા કચેરી,
નવા સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ- "વંદે ગુજરાત વિકાસ યાત્રા" ના આયોજન બાબત.

સંદર્ભઃ- (૧) અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૯/૦૬/૨૦૨૨નો પત્ર ક્રમાંક-કમિશ્નર(આ.)/વંગુ.વિ.યા./૬૬૫/૨૨.

(૨) અધિક નિયામક, જાહેર આરોગ્ય, ગાંધીનગરનો તા.૧૩/૦૬/૨૦૨૨નો ઈ-મેઈલ પત્ર.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ભારતની આઝાદીનાં ૭૫ વર્ષની ઉજવણી નિમિત્તે સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેનાં ભાગ સ્વરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાનાં પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં શહેર અને જીલ્લા કક્ષાએ "વંદે ગુજરાત વિકાસ યાત્રા" નું આયોજન કરેલ છે.

આ યાત્રામાં રાજ્ય સરકારશ્રીનાં વિવિધ વિભાગોએ સંકલન કરીને વિવિધ યોજનાકીય કામગીરીને રાજ્યની જનતા સુધી પહોંચાડવા માટે સહાય વિતરણ, વિકાસ કાર્યોનું લોકાર્પણ, યોજનાઓનો પ્રચાર-પ્રસાર, ફિલ્મ નિદર્શન, સાફલ્ય ગાથા, શ્રેષ્ઠ કામગીરી કરનારનું સન્માન વગેરે કાર્યક્રમો હાથ ધરવાનું આયોજન છે. આ કાર્યક્રમનો સમયગાળો ૧ જુલાઈ ૨૦૨૨ થી ૧૫ જુલાઈ ૨૦૨૨ દરમ્યાન નિયત થયેલ છે.

"વંદે ગુજરાત વિકાસ યાત્રા" ના સુચારૂ આયોજન માટે રાજ્ય સરકાર સ્તરે યોજાયેલ બેઠકોના મા... સૂચનાઓ અન્વયે અન્ન અને નાગરિક પુરવઠા લગત બાબતો અંગે નીચે મુજબની કામગીરી હાથ ધ... વિનંતી છે.

- આપના જિલ્લામાં યાત્રાનો રૂટ જે ગામોમાંથી પસાર થવાનો હોય, ત્યાં જાહેર વિતરણ વ્યવસ્થાને લગતી પડતર અરજીઓ, રજૂઆતો/ફરીયાદ જેવી કે રેશનકાર્ડમાં નામ ઉમેરવું, કમી કરવું, સરનામામાં ફેરફાર, નવું રેશનકાર્ડ જેવી બાબતો, પુરવઠાની ગુણવત્તા તથા જથ્થા વિષયક રજૂઆતો જેવી કે પૂરતો પુરવઠો ન મળવા, ઓછું મળતું હોય, સમયસર મળતો ન હોય તેવી રજૂઆતોની સમીક્ષા કરી તાત્કાલિક નિકાલ કરવાની કામગીરી કરવાની રહેશે. વધુમાં, આવી કોઇ ફરીયાદ ઉપસ્થિત ન થાય તેની તકેદારી રાખવી.

- આપના જિલ્લામાં કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" ૨.૦ અંતર્ગત સમાવિષ્ટ કરવાના નવા લાભાર્થીઓને "વંદે ગુજરાત વિકાસ યાત્રા" દરમ્યાન સ્ટેજ પર LPG કીટ આપવાની કામગીરી કરવાની રહેશે.
- આપના હસ્તકના તાલુકાના જે ગામો/શહેરોમાં તમામ AAY-BPL લાભાર્થીઓને ગેસ કનેક્શન મળી ગયેલ હોય અને હાલ કેરોસીન મુક્ત થયેલ હોય તેવા વિસ્તાર માટે જે તે ગામના સરપંચશ્રી અને શહેરી વિસ્તારમાં મ્યુનિસિપલ કાઉન્સિલર જેવા જનપ્રતિનિધિશ્રીઓનું સન્માન કરવા માટેના આયોજન માટે સંબંધિત મામલતદારશ્રી/ ચીફ ઓફીસરશ્રી/ કલેક્ટરશ્રી સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- આ યાત્રાના રૂટ ના સ્થળો/કાર્યક્રમના સ્થળો/વાહનો પર અત્રેના વિભાગની યોજનાઓ જેવી કે, "રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩" (NFSA), પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના (PMGKAY), વન નેશન વન રેશનકાર્ડ યોજના (ONORC), "પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના" ૨.૦ (PMUY 2.0), "My Ration" મોબાઈલ એપ્લિકેશન નો બહોળો પ્રચાર-પ્રસાર થાય તે માટે બેનર, હોર્ડિંગ્સ ઉભા કરવા, પેમ્ફલેટ વિતરણ વગેરે પ્રચાર-પ્રસારની વ્યવસ્થા કરવાની રહેશે તથા કાર્યક્રમ સ્થળે આ યોજનાઓની મુવી/ક્વીકીનું પ્રસારણ થાય તે માટેની વિશેષ વ્યવસ્થા રાખવા વિનંતી છે.
- ભારત સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષથી રાજ્યના ૧૪ જિલ્લા (નર્મદા, આણંદ, બનાસકાંઠા, વલસાડ, ભાવનગર, વડોદરા, ખેડા, કચ્છ, દાહોદ, ડાંગ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, પાટણ, નવસારી) મા N.F.S.A. યોજના હેઠળ સાદા ચોખાને બદલે ફોર્ટીફાઇડ રાઈસનું વિતરણ શરૂ કરેલ છે. તદ્ઉપરાંત મધ્યાહન ભોજન યોજના (MDM) તથા સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) હેઠળ સમગ્ર રાજ્યના તમામ જીલ્લાઓમાં ફોર્ટીફાઈડ રાઈસની જાણકારી લાભાર્થીઓને મળી રહે તે માટે સ્થાનિકે મધ્યાહન ભોજન યોજનાના સંચાલકો, શાળાના શિક્ષકો, આંગણવાડી કાર્યકર બહેનોને જાણકારી આપીને પોસ્ટર, બેનર લગાડવા તથા ફિલ્મ નિદર્શન થાય તેવી કાર્યવાહી કરવાની રહેશે. ફોર્ટીફાઈડ ચોખામાંથી બનાવેલ વાનગી મારફત પ્રચાર-પ્રસાર થવા વિનંતી છે.
- કાર્યક્રમ સ્થળે વાજબી ભાવના દુકાનદાર હાજર રહે તથા "વંદે ગુજરાત" યાત્રાના કાર્યક્રમમાં સ્થાનિક દુકાન સાથે સંકળાયેલ પુરવઠા તકેદારી સમિતિના સભ્યોને આગોતરી જાણ કરી ઉપસ્થિત રહી ભાગ લે તે સુનિશ્ચિત કરશો.
- કાર્યક્રમ હોય તે ગામની જે-તે ગામની વાજબી ભાવની દુકાનની સ્વચ્છતા ખૂબ જ સારી રીતે થાય તે જોવાનું રહેશે. દુકાન ખાતે ઉપલબ્ધ જથ્થાની તમામ વિગતો બિનચૂક લખાયેલ હોય તેમજ પુરવઠાને લગત વિતરણ સુવ્યવસ્થિત હોય તે જોવા જણાવવામાં આવે છે.
- "વંદે ગુજરાત વિકાસ યાત્રા" અંતર્ગત સંબંધિત આરોગ્ય અને શહેરી વિકાસ વિભાગ મારફતે તેમજ સ્થાનિક કલેક્ટરશ્રી દ્વારા અપાયેલ પરિપત્રો, સૂચનાઓ હાથવગી રાખવી તેમજ પુરવઠા ખાતાને સંલગ્ન કામગીરી સુપેરે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(signature)

સંયુક્ત નિયામક,
અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u> :-

(૧) સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ તરફ જાણ સારૂ.

(૨) નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર તરફ જાણ સારૂ.

(૩) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુ.રા.ના.પુ.નિ.લિ., ગાંધીનગર તરફ જાણ તથા "વંદે ગુજરાત" યાત્રાના રૂટમાં આવેલ ના.પુ.નિગમના ગોડાઉનો અંગે સંબંધિતોને જરૂરી સૂચના આપવા વિનંતી સહ.

(૪) કલેક્ટરશ્રી, કલેક્ટરશ્રીની કચેરી, જિલ્લા સેવા સદન, જિ. તમામ તરફ જાણ સારૂ.